Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-11, Issue-2(September, 2017)

**IMPACT FACTOR:3.021**

**PP:150to152**

# 'ભરતેશ્વર બાહુબલિરાસ'માં જૈનદર્શન

**પટેલ જયેશકુમાર નટવરલાલ**

**M.A.(gold medalist) ,B.E.D,M.PHIL,U.G.C NET with J.R.F, PH.D Running.**

મુ-બાજીપુરા, પો-કુવાસણા,તા- વિસનગર, જિ- મહેસાણા

**PIN-384315,MO-99095 27138**

---

પ્રવર્તમાન સમયમાં જેમ ગીત, ગઝલ જેવા કાવ્ય-સ્વરૂપો પ્રચલિત છે, તેમ મધ્યકાળમાં 'રાસ'નામનું કાવ્ય-સ્વરૂપ અત્યંત પ્રચલિત હતું. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં સૌ પ્રથમ જૈન કવિ હેમચંદ્રાચાર્ય પાસેથી દુહા સાહિત્ય સ્વરૂપ પ્રાપ્ત થાય છે. ત્યારબાદ જૈન કવિઓના હાથે રાસ સાહિત્ય સ્વરૂપનું ખેડાણ થાય છે. રાસ એ સૌથી જૂનો સાહિત્ય પ્રકાર છે. આ પૂર્વે આપણે જોઈએ તો પ્રાચીન સમયમાં શ્રી કૃષ્ણ અને રાધા વૃદાવનમાં રાસ રચાવતા અને ખેલતા એવો ઉલ્લેખ સાંપડે છે. પરંતુ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં જૈન કવિઓના હાથે રચાયેલા રાસનો મુખ્ય હેતુ ધર્મ પ્રચાર અને મનોરંજન રહ્યો છે.

નરસિંહ પૂર્વેના સમયમાં આપણને પુષ્કળ પ્રમાણમાં જૈન કવિઓ પાસેથી રાસ સાહિત્ય સ્વરૂપ પ્રાપ્ત થાય છે. તેમાંથી જ એક શ્રેષ્ઠ કાવ્ય રચના એટલે જૈન કવિ શાલિભદ્રસૂરી કૃત 'ભરતેશ્વર બાહુબલિરાસ'. આ કૃતિ લગભગ ઈ.સ.૧૧૮૫ આસપાસ લખાયેલી છે. આ રચના માત્ર શાલિભદ્રસૂરીની જ શ્રેષ્ઠ રચના નથી, પરંતુ સમગ્ર ગુજરાતી સાહિત્યની પ્રથમ શ્રેષ્ઠ કાવ્ય રચના તરીકે પણ એક ઐતિહાસિક માન-મોભો ધરાવે છે. કવિએ આ રચનામાં લીધેલ કથાનક જૈનોમાં અતિ પ્રચલિત છે. આમ આપણને ગુજરાતી સાહિત્યની પ્રથમ શ્રેષ્ઠ કાવ્યરચના 'ભરતેશ્વેર બાહુબલિરાસ' ('રાસ સ્વરૂપે') પ્રાપ્ત થાય છે. સૌ પ્રથમ આપણે 'ભરતેશ્વેર બાહુબલિરાસ'ના કથાનક પર એક દ્રષ્ટિ કરીએ.

## ➢ 'ભરતેશ્વર બાહુબલિરાસ'નું કથાનક:

જૈનોના પ્રથમ તીર્થંકર ઋષભદેવને સો પુત્રો હતા. એમાં ભરત એ સૌથી મોટો ભાઈ હતો અને બાહુબલિએ નાનો ભાઈ હતો. ઋષભદેવને જીવનની ઉત્તરાવસ્થાએ પોતાના મોટા દીકરા ભરતને રાજ્યગાદી સોંપી બાહુબલિને એને અનુસરણ કરવાની સૂચના આપી સંન્યાસ લે છે. બાહુબલિ એ સાવકી માનો પુત્ર છે. બાહુબલિ સિવાય અન્ય અઠ્ઠાણું ભાઈઓએ ભરતની સત્તાને સ્વીકારી લીધી. ભરત સત્તા પર આવતાં જ ચક્રવર્તી રાજા થવાની અભિલાષાએ યુદ્ધ શાળામાંથી ચક્ર છોડે છે. સૈનિકો આ ચક્રને લઈને બાહુબલિ પાસે આવે છે. બાહુબલિ ચક્રને રોકે છે ને યુદ્ધનું એલાન કરે છે. બંને ભાઈઓની સેનાઓ વચ્ચે સાત-આઠ મહિના ખૂંખાર યુદ્ધ ચાલ્યું. યુદ્ધમાં ખુબ જ મોટી માનવહાનિ અને પશુહાનિ થાય છે. લોહીની નદીઓ વહે છે. ખૂબ મોટી માનવ-પશુહાનિ જોઇને બંને ભાઈઓએ દ્વન્દ્વ યુદ્ધથી હાર-જીતનો નિવેડો લાવવા તૈયાર થાય છે. બંને વચ્ચે મુષ્ઠિયુદ્ધ થાય છે. જેમાં બાહુબલિ ચઢિયાતો સાબિત થાય છે. આ જોઈ ક્રોધિત ભરતે બાહુબલિ ઉપર ચક્ર ફેક્યું. એ ચક્ર બાહુબલિએ હાથમાં જ ઝીલી લીધું અને ક્રોધે ભરાઈને ભરત અને તેની સેનાનો નાશ કરવાનું વિચારે છે. ત્યાં તો ભરતે પસ્તાવો રજૂ કર્યો અને તે શરણાગતિ સ્વીકારે છે. પોતાના મોટાભાઈનો પસ્તાવો, હજારો જીવોની હત્યા, લોહીની વહેતી નદીઓ, રણમેદાનની ચિકારીઓ સોંભળી બાહુબલિનું હદય કંપી ઉઠે છે. પોતાની જાત ઉપર અને મન-હદય ઉપર ધિક્કાર આવે છે. બાહુબલિ પોતાના મોટાભાઈ ભરતને સત્તા પાછી સોંપી જૈનધર્મની દિક્ષા ગ્રહણ કરે છે, ધર્મનો પ્રચાર-પ્રસાર કરે છે, અને સમાજના લોકોને અહિંસાનો મર્મ સમજાવે છે.

## ➢ કાવ્યકૃતિનું મૂલ્યાંકન:-

'ભરતેશ્વર બાહુબલિરાસ' પંદર ખંડોમાં વિભાજીત થયેલું છે. કાવ્યમાં ભરત અને બાહુબલિ વચ્ચેના યુદ્ધનું મુખ્ય આલેખન હોવાથી મુખ્ય વીરરસ છે. બે ભાઈઓ વચ્ચેના યુદ્ધનું વર્ણન આલંકારિક ભાષામાં તેમજ વીરરસની ખીલવણીમાં આપણને કવિની કવિત્વશક્તિનો ચિત્તાર સોંપડે છે. અલંકારની જેમ જ કવિનું છંદ વૈવિધ્ય પણ ધ્યાન ખેંચે છે. કૃતિમાં દોહરા, સોરઠા, ચોપાઈ જેવા માત્રામેળ છંદો તથા ગેય છંદો સુંદર રીતે નિરુપિત કર્યા છે. આ કૃતિના વર્ણનો પણ સાહજિક અને સ્વાભાવિક રીતે આપણા ચિત્તને આકર્ષે છે. કાવ્યમાં ભરતની

સેનાનું વર્ણન, શુકન – અપશુકનોનું વર્ણન, યુદ્ધ મેદાનનું અને યુદ્ધમાં વપરાતા વિવિધ પ્રકારના શસ્ત્રોનું વર્ણન, એ સમયે યુદ્ધમાં વપરાતા વિવિધ પ્રાણીઓ અને વિવિધ પ્રકારના વાજિંત્રોના ઉપયોગનું વર્ણન અસરકારક શૈલીમાં રજૂ કર્યું છે. આથી જ કે.કા.શાસ્ત્રીએ કહ્યું છે કે 'આ રાસ ભવિષ્યના આખ્યાન કાવ્યોની માંડણી કરી આપે છે; આજે પણ આપણે આબુ-દેલવાડાના દેરામાં ભરતની રથયાત્રાનું વર્ણન સુંદર શિલ્પમાં કંડારેલ જોઈ શકીએ છીએ.

મુમુક્ષુ માત્રનું કલ્યાણ એ વિશ્વના સર્વે ધર્મોનો સાર છે. વિશ્વના સર્વે ધર્મ માનવીને અહિંસાના પથ પર ચાલવાનું કહે છે. એમાંય જૈન ધર્મની વાત કરીએ તો મન-વચનથી અહિંસાના પથને અંગીકાર કરવાની વાત કરે છે. જે આપણે 'ભરતેશ્વર બાહુબલિરાસ' માં અંતે વિજયી બનેલ બાહુબલિનું એકાએક મન પરિવર્તન થવાનું કારણ જોઈએ તો રણમેદાનમાં વહેતી લોહીની નદીઓ, જયાં-ત્યાં મનુષ્યો અને પ્રાણીઓના મૃતદેહો, દુઃખથી પીડાતા લોકોની ચીક્યારીઓ તેમજ ભરતનો પસ્તાવો અને શરણાગતિ જોઇને સત્તાની લાલસામાં ડૂબેલ બાહુબલિના મનને પરિવર્તન કરી જાય છે. બાહુબલિનું હ્રદય કંપી ઉઠે છે. પોતાની જાત પર અને મન-હ્રદય ઉપર ધિક્કારની લાગણી થઇ આવે છે. પોતાના મોટાભાઈ ભરતને સત્તા પાછી આપી જૈન ધર્મની દિક્ષા ગ્રહણ કરી ધર્મનો પ્રસાર-પ્રચાર માટે તેમજ અહિંસાના માર્ગને અંગીકાર કરવા બાહુબલિ પોતાનું અંતિમ જીવન વ્યતીત કરે છે. જૈન ધર્મમાં જે મોહ-માયાનો ત્યાગ, સત્તાની લાલસાનો ત્યાગ, સંસાર ત્યાગ, રાગ-દ્વેષનો ત્યાગ કરી મુમુક્ષુ માત્રનું કલ્યાણ અને મોક્ષ પ્રાપ્તિ  અર્થે મન-વચનથી અહિંસાના પથનો સ્વીકાર કરવાનો ઉપદેશ દિક્ષા ગ્રહણ કરતી વખતે ધર્મના સાર સ્વરૂપે શીખવવામાં આવે છે.

ટૂંકમાં; આ રાસમાં બે ભાઈઓના યુદ્ધની કથા વર્ણવી છે. રાજ્યસત્તા માટે બે ભાઈઓ વચ્ચે ભયંકર યુદ્ધ ખેલાય છે. યુદ્ધના અંતે નાના ભાઈ બાહુબલિનું હ્રદય પરિવર્તન થાય છે. અને સંસારનો ત્યાગ કરી જૈન ધર્મની દિક્ષા ગ્રહણ કરી ધર્મનો પ્રચાર-પ્રસાર કરી લોકોને અહિંસાનો મર્મ સમજાવે છે. આમ, કૃતિનો કવિ જૈન હોવાથી એનો મુખ્ય હેતુ ઉપદેશ આપવાનો હોવાથી આખી કૃતિ વીરરસમાંથી અંતે શાંતરસમાં અંત પામે છે. અંતે ધર્મનો ઉપદેશ આપવાનો હેતુ સારી પેઠે સિદ્ધ થતો આપણે જોઈ  શકીએ છીએ.